# મેન્યુઅલ્સ - ૫ ( નિયમ સંગ્રહ – ૫)

## કલમ – ૪ (૧) (ખ) (૫)

### કાર્ય કરવા માટેના નિયમો – વિનિયમો, સૂચનાઓ, નિયમસંગ્રહ અને દફતરો

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ. જ્યારે ગુજરાત વિદ્યુત બોર્ડ તરીકે કાર્યરત હતું ત્યારે કામગીરી કરવા અંગેના વિવિધ નિયમો, વિનિયમો, સૂચનાઓ વિગેરે ઘડવામાં આવેલ, જે મુજબ હાલમાં ગુજરાત ઉર્જા વિકાસ નિગમ કામગીરી કરે છે. મુખ્યત્વે નીચે મુજબના નિયમ – વિનિયમો દ્વારા આ સંસ્થા કામગીરી કરે છે.

૧. **જનરલ સ્ટેડીંગ ઓર્ડર (G. S. O.) :**

નિયામક મંડળ દ્વારા સંસ્થાની કામગીરી અંગે જે નિર્ણયો લેવામાં આવે છે, તેના અમલ માટે જનરલ સ્ટેડીંગ ઓર્ડર બહાર પાડવામાં આવે છે.

૨. **મેન્યુઅલ્સ (Estt. Manuals) :**

સંસ્થાની કામગીરીની વિવિધ પ્રક્રિયા માટે મેન્યુઅલ્સ ધ્વારા માર્ગદર્શિકા આપવામાં આવેલ છે, તે અનુસાર વિવિધ કામગીરીઓ હાથ ધરવામાં આવે છે.

૩. **પરિપત્ર (Circulars) :**

સંસ્થાની કામગીરી સંબંધિત સ્પષ્ટતાઓ, માર્ગદર્શન માટે પરિપત્રો બહાર પાડવામાં આવેલ છે, જેનો પુસ્તક સ્વરૂપે સંગ્રહ કરવામાં આવે છે. કોમર્શિયલ તથા ડીસ્ટ્રીબ્યુશન સરક્યુલર સંસ્થાની વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે.

૪. **નોકરીના નિયમો (Service Rules) :**

સંસ્થાના કર્મચારીઓ માટે નોકરી અને શિસ્તના નિયમો પુસ્તક સ્વરૂપે બહાર પાડેલ છે.

૫. **સર્વિસ બુક/અંગત ફાઇલ, ખાનગી અહેવાલો, સીનીયોરીટી :**

સંસ્થાના કર્મચારીઓની સર્વિસ બુક/અંગત ફાઇલ, ખાનગી અહેવાલો તથા સીનીયોરીટી લીસ્ટ સબંધિત કચેરી દ્રારા રાખવામાં આવે છે.

૬. **એકાઉન્ટસ :**

સંસ્થા દ્રારા એકાઉન્ટસ મેન્યુઅલ, એકાઉન્ટસ સ્ટેટમેન્ટ, વાઉચરો, રજીસ્ટરો, ઓડીટ રીપોર્ટસ, મેમોરેન્ડમ એન્ડ આર્ટીકલ ઓફ એસોસીએશન વગેરે દસ્તાવેજો / રેકોર્ડ રાખવામાં આવે છે.